# જૈન ટિશ્યૂકલ્ચર કેળ રોપો, અને જથ્થાબંધ ઉત્પાદન મેળવો!!

કેળ ભારતનાં મુખ્ય ફળ પાકોમાં એક તેમજ આર્થિક રીતે મહત્વનો પાક છે. ભારતના કુલ ફળ પાકોના વાવેતરમાં કેળનું પ્રમાણ ૨૦ ટકા છે. મહારાષ્ટ્ર સમગ્ર ભારતમાં કેળ ના ઉત્પાદનમાં બીજો નંબર ધરાવે છે. જલગાંવ જીલ્લો મહારાષ્ટ્ર રાજ્યનો સૌથી વધુ કેળનું વાવેતર ધરાવતો વિસ્તાર છે જે ૫૦ હજાર હેક્ટરનું કેળનું વાવેતર ધરાવે છે. મોટાભાગનો પાક પિલા (ગાંઠ) દ્વારા ઉગાડવામાં આવે છે. ખેત જગતમાં ટેક્નોલોજીનો વિકાસ ખૂબજ ઝડપી છે. અને તેણે ટિશ્યૂકલ્ચર (પેશી સંવર્ધન) પદ્ધતીને જન્મ આપ્યો છે.

## ટિશ્યુકલ્ચર શું છે?

કોઈપણ છોડનાં એક કોષ અથવા કોષ સમૂહનો પ્રાકૃતિક પરંતુ નિયંત્રિત સ્થિતીમાં ઉછેર કરવાની પદ્ધતિને ટિશ્યૂકલ્ચર અથવા પેશી સંવર્ધન કહે છે. આ પદ્ધતીમાં તાપમાન, હવામાં ભેજનું પ્રમાણ, અંગાર વાયુ વગેરેનું પ્રાકૃતિક નિયંત્રણ કરવામાં આવે છે.

## રોપણીનો સમય

ટિશ્યૂકલ્ચર કેળના છોડનું વાવેતર વર્ષમાં ગમે ત્યારે કરી શકાય છે. માત્ર વધારે પડતા ગરમ અથવા વધારે પડતા ઠંડા વાતાવરણના દિવસોમાં એ શક્ય નથી. ડ્રિપ પદ્ધતીની સુવિધા જરૂરી છે. રોપણીના મુખ્ય બે સમય છે.

મૃગ બહાર (ચોમાસું) - જુન-જુલાઈ માં રોપણી.
અંબે બહાર (શિયાળું) - ઓક્ટોબર-નવેમ્બર માં રોપણી.



## જમીનનો પ્રકાર તેમજ રોપણીનું અંતર

ઘાટી કાળી, કાંપવાળી, સારા નિતારવાળી તેમજ ભરભરી જમીન ટિશ્યૂકલ્ચર કેળ માટે અનુરુપ છે. રોપણીનું અંતર: ૬ X ૫ ફૂટ, ૬ X ૬ ફૂટ અને ૭ X ૫ ફૂટ.

## રોપણી માટે કેવી રીતે જમીન તયાર કરવી?

એક અથવા બે ખેડ કર્યાબાદ સમાર મારીને જમીન તૈયાર કરવી. ૧ X ૧ X ૧ ફૂટના ખાડા કરવા. આ ખાડામાં ૨-૩ કિલો છાણિયું. ખાતર, ૫ ગ્રામ ફોરેટ પાવડર અને ૨૦૦ ગ્રામ લીમડાનો ખોળ ભેગો કરીને નાખો. ત્યારબાદ છોડને પ્લાસ્ટિકની બેગમાંથી કાઢી આ ખાડામાં રોપવો.

## પિયત વ્યવસ્થા

રોપણી કર્યાબાદ તરતજ પાકને ડ્રિપ સિંચાઈ દ્વારા પાણી આપવું. પાક ને પૂરતુંજ પાણી આપવુ, પાણી રોકાઇ રહે તેમ પાણી આપવુ નહીં. જૈન ટિશ્યૂકલ્ચરના સંપૂર્ણ વિકસીત છોડને દિવસના ૨૦-૨૫ લિ. પાણીની જરૂર પડે છે.

**ટેબલ ૧ - છોડ દ્વારા દિવસ દીઠ પાણીની જરૂરીયાત દર્શાવતો કોઠો**

| માસ | પાણીનો જરૂરી જથ્થો (લિ./દિવસ/છોડ) | |
|---|---|---|
| | (ચોમાસું) | (શિયાળું) |
| જૂન | ૫-૬ | ૧૨-૧૪ |
| જુલાઈ | ૪-૫ | ૧૨-૧૪ |
| ઓગસ્ટ | ૫-૬ | ૧૨-૧૪ |
| સપ્ટે. | ૬-૮ | ૧૪-૧૬ |
| ઓક્ટો. | ૮-૧૦ | ૪-૬ |
| નવેમ્બર | ૮-૧૦ | ૪-૬ |

| માસ | પાણીનો જરૂરી જથ્થો (લિ./દિવસ/છોડ) | |
|---|---|---|
| | (ચોમાસું) | (શિયાળું) |
| ડિસે. | ૬-૮ | ૪-૬ |
| જાન્યુ. | ૧૦-૧૨ | ૫-૭ |
| ફેબ્રુ. | ૧૨-૧૪ | ૫-૭ |
| માર્ચ | ૧૬-૧૮ | ૧૦-૧૨ |
| અપ્રિલ | ૧૮-૨૦ | ૧૨-૧૪ |
| મે | ૨૦-૨૨ | ૧૨-૧૪ |

## રાસાયણિક ખાતરની વ્યવસ્થાઃ

**અ) દ્રાવ્ય રાસાયણિક ખાતર**-દ્રાવ્ય ખાતરનો ડ્રિપ સિંચાઈ પદ્ધતિ દ્વારા ઉપયોગ કરવો. એ ખાતરના બચાવમાં મદદ કરે છે તેમજ ઉત્પાદન વધારે છે અને જમીનમાં ક્ષાર જામવા દેતી નથી.

## ડ્રિપ સિંચાઈ દ્વારા અપાતો ખાતરનો નિર્ધારિત જથ્થો

નાઇટ્રોજન- ૧૭૦ ગ્રામ/છોડ, ફોસ્ફરસ- ૪૫ ગ્રામ/છોડ, પોટાશ- ૧૮૫ ગ્રામ/છોડ.
કુલ રા. ખાતરનો જથ્થો (એક એકરમાટે)
નાઇટ્રોજન - ૨૧૮ કિ.ગ્રા., ફોસ્ફરસ - ૬૫ કિ.ગ્રા., પોટાશ - ૨૭૨ કિ.ગ્રા.

**ટેબલ ૨ - ખાતર આપવાનો સમય અને જથ્થો દર્શાવતો કોઠો**

| ખાતર આપવાનો સમય | ગ્રેડ | કુલ જથ્થો (કિ.ગ્રા.) | રા. ખાતર/દિવસ (કિ.ગ્રા./એકર) |
|---|---|---|---|
| રોપણીના ૧-૯૦ દિવસ બાદ | ૧૯:૧૯:૧૯ (સુ.ત.)+<br>૧૩:૦:૪૬ +<br>યુરિયા | ૧૯૨<br>૯૩<br>૭૦ | ૨.૧૩૦<br>૧.૦૩૩<br>૦.૭૭૭ |
| ૭૫ દિવસ | સુક્ષ્મ તત્વો +<br>મેગ્નેશિયમ સલ્ફેટ | ૧૪.૫૦<br>૩૬.૩૦ | ૧૦ ગ્રા./છોડ<br>૨૫ ગ્રા./છોડ |
| ૯૧-૧૫૦ દિવસ | ૦ : ૫૨ : ૩૪ +<br>૧૩ : ૦ : ૪૬ +<br>યુરિયા | ૫૯<br>૮૨.૫<br>૧૧૭.૫ | ૦.૯૮૩<br>૧.૩૭૬<br>૧.૯૫૮ |
| ૧૫૧-૩૦૦ દિવસ | ૧૩ : ૦ : ૪૬ +<br>યુરિયા | ૨૮૨.૫<br>૧૫૦ | ૧.૮૮૪<br>૧.૦૦૦ |

**બ) પરંપરાગત પદ્ધતિથી ખાતર-** નાઇટ્રોજન-૨૦૦ ગ્રા./છોડ, ફોસ્ફરસ-૬૦ ગ્રા./છોડ, પોટાશ-૨૫૦ ગ્રા./છોડ

**ટેબલ ૩ - ૧૦૦૦ છોડ માટે રા. ખાતરનો જથ્થો**

| ખાતર આપવાનો સમય | ગ્રેડ | રા. ખાતરનો કુલ જથ્થો (કિ.) ૧૦૦૦ છોડ માટે | રા. ખાતર (ગ્રા./છોડ) |
|---|---|---|---|
| રોપણીના સમયે | સુપર ફોસ્ફેટ +<br>પોટાશ | ૧૨૫ કિ.<br>૧૦૫ કિ. | ૧૨૫ ગ્રામ<br>૧૦૫ ગ્રામ |
| રોપણી બાદ ૩૦ દિવસે | યુરિયા | ૬૨ કિ. | ૬૨ ગ્રામ |
| રોપણી બાદ ૭૫ દિવસે | યુરિયા +<br>સુપર ફોસ્ફેટ +<br>સુક્ષ્મ તત્વો +<br>મેગ્નેશિયમ સલ્ફેટ | ૬૨ કિ.<br>૧૨૫ કિ.<br>૨૫કિ.<br>૨૫ કિ. | ૬૨ ગ્રામ<br>૧૨૫ ગ્રામ<br>૨૫ ગ્રામ<br>૨૫ ગ્રામ |
| રોપણી બાદ ૧૨૫ દિવસે | યુરિયા +<br>સુપર ફોસ્ફેટ | ૬૨ કિ.<br>૧૨૫ કિ. | ૬૨ ગ્રામ<br>૧૨૫ ગ્રામ |
| રોપણી બાદ ૧૬૫ દિવસે | યુરિયા +<br>પોટાશ | ૬૨ કિ.<br>૧૦૫ કિ. | ૬૨ ગ્રામ<br>૧૦૫ ગ્રામ |
| રોપણી બાદ ૨૧૦ દિવસે | યુરિયા | ૬૨ કિ. | ૬૨ ગ્રામ |
| રોપણી બાદ ૨૫૫ દિવસે | યુરિયા +<br>પોટાશ | ૬૨ કિ.<br>૧૦૫ કિ. | ૬૨ ગ્રામ<br>૧૦૫ ગ્રામ |
| રોપણી બાદ ૩૦૦ દિવસે | યુરિયા +<br>પોટાશ | ૬૨ કિ.<br>૧૦૫ કિ. | ૬૨ ગ્રામ<br>૧૦૫ ગ્રામ |

## આંતરપાક

કેળના વાવેતરને આંતર પાક લેવાની પદ્ધતિ ફાયદાકારક છે. આંતરપાક તરીકે ડુંગળી લઇ શકાય છે. પણ તે માત્ર શરુઆતના સમયગાળામાંજ શક્ય છે.

## આંતર ખેડ

ખેતરમાંથી નિંદામણ દૂર કરો. કરબની મદદથી જમીનને પોચી તેમજ હવાવાળી રાખો. વધારાના પિલા નિયમીત કાંપો. વિકસીત ગેડ (ફળની લૂમ) ને પાનની મદદથી ઢાંકી રાખો.

## 'સીગાટોકા' રોગનું નિયંત્રણ

રોગના ચિન્હો (પાન ઉપર ભુખરાં ટપકાં) દેખાંતા નિચે મુજબ પગલાં લો.

૧) રોગયુક્ત પાન દૂર કરો.
૨) ૧૦૦ ગ્રામ બાવીસ્ટ્રીન, ૨૫૦ ગ્રામ ડી.એમ.૪૫ અથવા કોપરઓક્સીક્લોસાઈડનું ૧૦૦ લિ. નું દ્રાવણ બનાવી છંટકાવ કરો.
૩) ઉપર પ્રમાણેનું દ્રાવણ બનાવી છોડની ફરતે જમીનમાં પણ આપવું. છોડ દીઠ ૨૫૦ મિ.લી. દ્રાવણ આપો.

## બડઘા (રટુન) પાક

રોપણીનાં ૭ થી ૯ મહિના પછી અથવા ૪૦ થી ૪૫ ટકા ફૂલ આવ્યાબાદ ૧ નવા જન્મેલ તેમજ રોગ રહીત, સ્વસ્થ પિલાને બડઘાં પાક તરીકે રાખી બાકીના પીલા કાપી નાખો. બડઘાં પાકને પણ મુખ્ય પાક મુજબના જરૂરી પાક સંરક્ષણનાં પગલાં લો.

## ઉત્પાદન

જૈન ટિશ્યુકલ્ચરની કેળ સામાન્ય કેળ કરતાં લગભગ બમણું ઉત્પાદન આપે છે.

## ટિશ્યુકલ્ચરનાં છોડમાટે એડવાન્સ બુકીંગ

જૈન ટિશ્યુકલ્ચરનાં કેળનાં છોડ જૈન હિલ્સ્ જલગાંવમાં પ્રાપ્ય છે. તો ઉજળા ભવિષ્યમાટે આજેજ આપનું બુકીંગ કરાવો.



## જૈન ટિશ્યૂકલ્ચર ના છોડ અને પરંપરાગત (ગાંઠ) ના છોડની સરખામણી

| જૈન ટિશ્યૂકલ્ચર કેળનું વાવેતર | પરંપરાગત કેળ (ગાંઠ)નું વાવેતર |
|---|---|
| ૧) સરખી ઉંમરના છોડ | ૧) જુદા જુદા પીલા હોવાથી ઉંમર જુદી જુદી મળે છે. |
| ૨) છોડ રોગમુક્ત અને તંદુરસ્ત | ૨) ઘણા પીલા રોગયુક્ત હોય છે. |
| ૩) માતૃછોડના બધા જ ગુણ હોય છે. | ૩) લક્ષણોમાં બદલાવ આવવાની શક્યતા છે. |
| ૪) પાક ૧૧-૧૨ મહિનામાં કાપણી માટે તૈયાર થાય છે. (**) | ૪) પાક ૧૫-૧૬ મહિને કાપણીમાટે તૈયાર થાય છે. |
| ૫) સમાન વિકાસ | ૫) અસમાન વિકાસ. |
| ૬) ઓછા સમય ગાળાને લીધે પાણી, મજૂરી અને પાક સંરક્ષણનો ખર્ચ ઓછો. (**) | ૬) વધારે સમય ગાળાને લીધે ખર્ચ વધું. |
| ૭) ૨૮-૩૦ મહિનામાં ૧ મુખ્ય તેમજ ૨ બડઘા પાક શક્ય છે. (**) | ૭) ૩૦-૩૨ મહિનામાં ૧ મુખ્ય અને ૧ બડઘા પાક શક્ય છે. |
| ૮) વધારે ઉપજ, વધુ નફો. (**) | ૮) ઓછી ઉપજ, ઓછો નફો. |

*નોંધ: ખેતી એ જમીન, હવામાન તેમજ અન્ય પરિબળો પર આધારીત હોવાથી 'જૈન ઇરિગેશન સિસ્ટીમ્સ્ લિ.' ઉપર જણાવેલ માર્ગદર્શિકાનો અંશતઃ અથવા સંપૂર્ણ અમલ કર્યો હોવા છતાં પાકના ચોક્કસ ઉત્પાદન વિષે કોઇ ખાત્રી આપતું નથી.*

*** શરતોને આધીન.*


સંપર્ક

**જૈન ઇરિગેશન સિસ્ટીમ્સ્ લિ.**

જૈન પ્લાસ્ટિક પાર્ક, નેશનલ હાયવે નં. ૬, પોસ્ટ બોક્સ નં. ૭૨, બાંભોરી, જલગાંવ - ૪૨૫ ૦૦૧.
ટેલિ: ૦૨૫૭-૨૨૫૦૦૧૧/૨૨; ફેક્સ: ૦૨૫૭-૨૨૫૧૧૧૧/૨૨; ઈ-મેલ: jisl@jains.com; વેબસાઈટ: www.jains.com
ઓફીસ: મુંબઈ: ૦૨૨-૨૨૬૧૦૦૧૧; પુના: ૦૨૦-૫૪૩૪૮૭૨; દિલ્હી: ૦૧૧-૨૪૬૫૮૪૯૬; નાસિક: ૦૨૫૩-૨૫૯૨૭૧૮; થાણા: ૦૨૨-૨૫૪૪૩૯૯૨; અમદાવાદ: ૦૭૯-૬૪૨૧૭૦૪; વડોદરા: ૦૨૬૫-૨૩૯૮૧૦૭.



Jain Pipes | Jain Drip | Jain PE Pipes | Jain Sprinklers | Jain Tissue-Culture | Jain Solar